सत्यमेव जयते

| | | | |
|---|---|---|---|
| કેસ દાખલ તારીખ | ૨૮–૧૧–૨૦૨૫ | | |
| કેસ નોંધણી તારીખ | ૨૮–૧૧–૨૦૨૫ | | |
| કેસ ફેંસલ તારીખ | ૦૩–૦૪–૨૦૨૬ | | |
| **અવધિ** | વર્ષ | માસ | દિવસ |
| | | | |
| **આંક** | | | |

---

નામદાર સુપ્રિમ કોર્ટના **SUO MOTO WRIT (CRL) NO.(S)**1/2017 તથા ક્રિમીનલ મેન્યુઅલના ચેપ્ટર **VI** ના 179 **A** અન્વયેના નોટીફીકેશન નં.સી–૨૦૦૧–૯૩, તા.૨૦/૦૫/૨૦૨૨ ના ઠરાવેલ પફોર્મા મુજબ.

---

**– : : ફોર્મ– ''એ'' : : –**

<table>
<tr><td colspan="3">મે.મહેરબાન તાપી જીલ્લાના સ્પે.જજ(પોકસો) અને અધિક સેશન્સ જજ(એ.બી.ભોજક)સાહેબશ્રીની અદાલત સમક્ષ, તાપી, મુ:વ્યારા.<br><u>પોકસો(સ્પે.) કેસ નં: ૨૫/૨૦૨૫</u><br><u>ચુકાદા તારીખ:– /૦૪/૨૦૨૬</u><br>(ઉચ્છલ પો.સ્ટે. પાર્ટ–એ ગુ.ર.નં.૧૧૮૨૪૦૦ ૬૨૫૦૮૮૭/૨૦૨૫)</td></tr>
<tr><td>ફરીયાદી</td><td></td><td>શ્રી સરકાર(સ્ટેટ ઓફ ગુજરાત)<br>મુળ ફરીયાદી:–****</td></tr>
<tr><td>ફરીયાદપક્ષ તરફે પ્રતિનિધિત્વ કરનાર વિ. સ્પે. પબ્લિક પ્રોસીકયુર</td><td></td><td>શ્રી એસ.બી.પંચોલી</td></tr>
<tr><td>આરોપીઓ</td><td></td><td>નિતેશભાઈ અનિલભાઈ વળવી,<br>ઉ.અ.વ.૨૮,</td></tr>
</table>

| | | |
|---|---|---|
| | | રહે. કરોડ ગામ, નવાગામ ફળીયુ, તા.ઉચ્છલ, જી.તાપી. |
| **આરોપીતરફે પ્રતિનિધિત્વ કરનાર વિ. વકીલશ્રી** | | શ્રી **યુ.એન.શાહ** |

**– : : ફોર્મ– ''બી'' : : –**

| | |
|---|---|
| ગુનાની તારીખ | તા.૨૬/૦૯/૨૦૨૫ |
| એફ.આઇ.આર.ની તારીખ | ૨૬/૦૯/૨૦૨૫ |
| ચાર્જશીટની તારીખ | ૨૮/૧૧/૨૦૨૫ |
| તહોમતનામુ ઘડયાની તારીખ | ૨૩/૦૨/૨૦૨૬ |
| પુરાવાની શરૂઆતની તારીખ | ૨૪/૦૨/૨૦૨૬ |
| જે તારીખે ચુકાદો અનામત રાખવામાં આવ્યો છે, તે તારીખ | – |
| ચુકાદાની તારીખ | **૦૩/૦૪/૨૦૨૬** |
| સજાના હુકમની તારીખ, જો કોઇ હોય તો, | – – |

**– : આરોપીની વિગત : -**

| **ક્રમ** | **આરોપીનુ નામ** | **ધર પકડ કર્યાની તારીખ** | **જામીન મુકત કર્યાની તારીખ** | **કયા ગુનાનુ તહોમતનામુ ફરમાવવામાં આવેલ** | **નિર્દોષ કે દોષિત** | **સજા જે ફરમાવામાં આવેલ હોય** | **બી.એન.એસ.એસ.ની કલમ–૪૬૮/ ક્રિ.પ્રો. કોડની** |
|---|---|---|---|---|---|---|---|

| | | | | | | | |
|---|---|---|---|---|---|---|---|
| | | | | | | | **કલમ–૪૨૮ ના હેતુ માટે, ટ્રાયલ દરમ્યાન જેટલો સમય કેદમાં રહેલ** |
| ૧ | **કનુભાઈ રણજીત ભાઈ ગામીત** | ૦૯/૧૦/૨૦૨૫ | ૦૯/૧૦/૨૦૨૫ | બી.એન.એસ. એક્ટ–૨૦૨૩ ની કલમ–૭૮(૧), ૭૮(૨), ૭૯ તથા ધી પ્રોટેકશન ઓફ ધી ચિલ્ડ્રન ફ્રોમ સેકસ્યુઅલ ઓફેન્સિસ એક્ટ–૨૦૧૨ ની | **આખરી હુકમ મુજબ** | -- | -- |

| | | | | | | | |
|---|---|---|---|---|---|---|---|
| | | | | કલમ– ૧૧(૪), ૧૨ | | | |

**– : : ફોર્મ– ''સી'' : : –**

**–: ફરીયાદપક્ષ/બચાવપક્ષ/કોર્ટ તરફે મૌખિક પુરાવા : –**

**(એ) ફરીયાદપક્ષ તરફે મૌખિક પુરાવા : –**

| **સાહેદ નંબર** | **આંક** | **સાહેદનુ નામ** | **વિગત** |
|---|---|---|---|
| ૧ | ૦૯ | ફરીયાદી ''યુ'' ''યુ'' વસાવાની જુબાની | ફરીયાદી |
| ૨ | ૧૨ | ભોગબનનારના પિતા ''યુ'' ''જી'' વસાવાની જુબાની | સાહેદ |
| ૩ | ૧૩ | ભોગબનનાર ''એકસએકસ'' ''યુ'' વસાવાની જુબાની | ભોગ બનનાર |
| ૪ | ૧૫ | ઉમેશભાઈ વણકરભાઈ વસાવાની જુબાની | શિક્ષક સાહેદ |
| ૫ | ૧૭ | ગીજેન્દ્રભાઈ ગુમાનભાઈ ગામીતની જુબાની | શિક્ષક સાહેદ |
| ૬ | ૧૯ | માનસિંહ રતિલાલ ગામીતની જુબાની | શિક્ષક સાહેદ |
| ૭ | ૨૦ | ગીરધરભાઇ મોહનભાઇ હીરાપરાની જુબાની | સાહેદ |
| ૮ | ૨૧ | સોહમભાઇ રમેશભાઇ વળવીની જુબાની | સાહેદ |
| ૯ | ૨૨ | સુદામભાઇ રમેશભાઇ વળવીની જુબાની | સાહેદ |

| | | | |
|---|---|---|---|
| ૧૦ | ૪૩ | નિરીક્ષાબેન સુરંતાભાઇ વસાવાની જુબાની | પોલીસ સાહેદ |
| ૧૧ | ૪૪ | વિરસીંગ ઉદેસીગ પાડવીની જુબાની | ત.ક. અમલદાર |

**(બી) બચાવપક્ષ તરફે મૌખિક પુરાવા : –**

| **સાહેદ નંબર** | **આંક** | **સાહેદનુ નામ** | **વિગત** |
|---|---|---|---|
| – | – | – | – |

**(સી) અદાલત તરફે મૌખિક પુરાવા : –**

| **સાહેદ નંબર** | **આંક** | **સાહેદનુ નામ** | **વિગત** |
|---|---|---|---|
| – | – | – | – |

**–: ફરીયાદપક્ષ/બચાવપક્ષ/કોર્ટ તરફે દસ્તાવેજી પુરાવા : –**

**(એ) ફરીયાદપક્ષ તરફે દસ્તાવેજી પુરાવા : –**

| **અનુ. નંબર** | **આંક** | **દસ્તાવેજની વિગત** |
|---|---|---|
| ૧ | ૧૦ | ફરીયાદ |
| ૨ | ૧૧ | ફરીયાદીનુ ૧૮૩ મુજબનુ નિવેદન |
| ૩ | ૧૪ | ભોગબનનારનુ ૧૮૩ મુજબનુ નિવેદન |
| ૪ | ૧૬ | સાહેદ ઉમેશભાઇનુ ૧૮૩ મુજબનુ નિવેદન |
| ૫ | ૧૮ | સાહેદ ગીજેન્દૂભાઇ ગામીતનુ ૧૮૩ મુજબનુ નિવેદન |
| ૬ | ૨૩ | સુચિપત્ર |

| | | |
|---|---|---|
| ૭ | ૨૪ | મેડીકલ ઓફીસરશ્રી સીઈએચઈસી ઉચ્છલને ભોગ બનનારની સારવાર કરી સર્ટી આપવા માટે કરેલ ચાદી |
| ૮ | ૨૫ | ભોગ બનનારનું એમઈએલઈસી સર્ટીફીકેટ |
| ૯ | ૨૬ | પ્રમુખશ્રી જિલ્લા બાળ સુરક્ષા એકમ તાપી વ્યારાને ભોગ બનનાર દિકરીનું નિવેદન લેવા કરેલ ચાદી |
| ૧૦ | ૨૭ | રેંજ ફોરેસ્ટ ઓફીસર નેશુ૮ઉચ્છલને૯ પંચો ફાળવવા કરેલ ચાદી |
| ૧૧ | ૨૮ | રેંજ ફોરેસ્ટ ઓફીસર નેશુ૮ઉચ્છલને૯ નાઓનો સરકારી પંચો ફાળવતો હુકમ |
| ૧૨ | ૨૯ | ગુનાવાળી જગ્યાનુ પંચનામુ તથા ઈઢસાક્ષ્ય પ્રમાણપત્ર |
| ૧૩ | ૩૦ | તાલુકા વિકાસ અધિકારી ઉચ્છલને સરકારી પંચોની ફાળવણી કરવા કરેલ ચાદી |
| ૧૪ | ૩૧ | તાલુકા વિકાસ અધિકારી ઉચ્છલ નાઓનો સરકારી પંચો ફાળવતો હુકમ |
| ૧૫ | ૩૨ | સી.સી.ટી.વી ફુટેજની પેન ડ્રાઈવ કબ્જે કર્યા અંગેનું પંચનામું |
| ૧૬ | ૩૩ | મે.પ્રિન્સીપાલ સીવીલ જજ અને જ્યુ.મેજી.ફ.ક.શ્રી ઉચ્છલ નાઓને બી.એન.એસ.એસ. ની કલમ–૧૮૩ મુજબ નિવેદન નોંધવા કરેલ ચાદી |
| ૧૭ | ૩૪ | આચાર્યશ્રી પ્રાથમિકશાળા ઉમરાણ તા.ઉચ્છલને ભોગ બનનારનું બોનોફાઈડ સર્ટી તથા જનરલ રજીસ્ટરના ઉતારાની ખરી નકલ તથા શાળામાં દાખલ કરવાનો નમુનો આપવા કરેલ ચાદી |
| ૧૮ | ૩૫ | ભોગ બનનારનું બોનોફાઈડ સર્ટીફીકેટ |
| ૧૯ | ૩૬ | ભોગ બનનારનો શાળામાં દાખલ કરવાનો નમુનો–૯ તથા આધારકાર્ડ અને ભોગ બનનારનો જન્મના દાખલાની નકલ |
| ૨૦ | ૩૭ | ભોગ બનનારની જનરલ રજીસ્ટરના ઉતારાની નકલ |
| ૨૧ | ૩૮ | તલાટી કમ–મંત્રી ઉમરાણને ભોગ બનનારનો જન્મનો દાખલો તથા જન્મ નોંધણી રજીસ્ટરની નકલ મેળવવા કરેલ ચાદી |
| ૨૨ | ૩૯ | તલાટી કમ–મંત્રી ઉમરાણ નાઓએ આપેલ ભોગ બનનારનો જન્મનો દાખલો |
| ૨૩ | ૪૦ | તલાટી કમ–મંત્રી ઉમરાણ નાઓએ આપેલ ભોગ બનનારનું જન્મ નોંધણી રજીસ્ટરની ઉતારાની નકલ |

| | | |
|---|---|---|
| ૨૪ | ૪૧ | વિશાલભાઈ સુરેશભાઈ પવારે આપેલ ભારતીય સાક્ષ્ય અધિનિયમ–૨૦૨૩ ની કલમ–૬૩(૪)(સી) નું પ્રમાણપત્ર |
| ૨૫ | ૪૨ | નોડલ ઓફીસરને કોલ ડીટેઈલ રેકોર્ડ તથા કેફ મેળવવા કરેલ યાદી |
| ૨૬ | ૪૫ | એફ.આઈ.આર. |

**( બી) બચાવપક્ષ તરફે દસ્તાવેજી પુરાવા : –**

| **અનુ. નંબર** | **આંક** | **દસ્તાવેજની વિગત** |
|---|---|---|
| – | – | – |

**( સી) અદાલત** તરફે દસ્તાવેજી પુરાવા **:–**

| **અનુ. નંબર** | **આંક** | **દસ્તાવેજની વિગત** |
|---|---|---|
| – | – | – |

**નોંધ :–** બચાવપક્ષ તરફે કે કોર્ટ ધ્વારા કોઇ મૌખિક કે દસ્તાવેજી પુરાવાઓ રજુ કરવામાં આવેલ નથી.

**(ડી) મુદામાલ : –**

**<u>મુદામાલ પાવતી નં. ૧૬(તા.૧૯/૭/૨૫) વિગત</u>**

| **અનુક્રમ નંબર** | **આર્ટીકલ નંબર** | **મુદામાલની વિગત** |
|---|---|---|
| ૧ | ૧ | એક સોની કંપનીની ૩૨ જી.બી.ની કાળા કલરની પેનડ્રાઇવ. |

---

**ચાર્જ :–** બી.એન.એસ. એકટ–૨૦૨૩ ની કલમ–૭૮(૧), ૭૮(૨), ૭૯ તથા ધી પ્રોટેકશન ઓફ ધી ચિલ્ડ્રન ફ્રોમ સેકસ્યુઅલ ઓફેન્સિસ એકટ–૨૦૧૨ ની કલમ–૧૧(૪), ૧૨ મુજબ.

---

**–:: ચુકાદો ::–**

(૧) હાલનો કેસ **જાતીય ગુનાઓ સામે બાળકોને રક્ષણ આપતા અધિ નિયમ–૨૦૧૨** (હવે પછી સદરહુ કલમ ને "**પોકસો એકટ**" થી ઓળખવામાં આવશે) અન્વયેનો હોય જે ધ્યાને રાખતા પોકસો એકટની કલમ–૩૩(૭) અન્વયે ભોગ બનનાર બાળકની ઓળખ કોઈ પણ સમયે જાહેર ન થાય તેનું ધ્યાન રાખતા, હાલના ચુકાદામાં ભોગ બનનાર બાળક તથા તેની માતાના નામથી ભોગ બનનાર બાળકની ઓળખ છતી ન થાય તે હેતુથી ગુપ્ત રાખવામાં આવેલ છે.

(૨) આ કામે ફરીયાદપક્ષના કેસની ટુંકમાં હકિકત એવી છે કે, આ કામના આરોપીએ તા.૨૬/૦૯/૨૦૨૫ ના રોજ કુલઉમરાણ પ્રાથમિક શાળા, કુલઉમરાણ ગામ, તાલુકો ઉચ્છલ, જીલ્લો તાપી મુકામે સ્કુલમાં કોટ બાંધવાના કામે આવેલ ત્યારે બપોરના બે વાગ્યાની આસપાસ બધા સ્કુલમાં નીચે જમતા હતા ત્યારે ફરીયાદીની દિકરી (ભોગબનનાર) ઉંમર ૧૨–વર્ષ, ૬–માસ, ૨૫–દિવસનાઓ સ્કુલના બીજા માળે આવેલ કલાસ રૂમમાં ચાપડી લેવા ગયેલ ત્યારે તેણીનો હાથ પકડેલ જેથી તેણી ત્યાંથી ફટાફટ ભાગવા જતા તેને ડાબા પગની આંગળીમાં વગાડી ગુનો કરેલ, જે બાબતે આરોપી વિરૂધ્ધ ફરીયાદ કરવા ઉચ્છલ પો.સ્ટે. પાર્ટ–એ ગુ.ર. નં. ૧૧૮૨૪૦૦૬૨૫૦૮૮૭/૨૦૨૫ થી બી.એન.એસ. એકટ–૨૦૨૩ ની કલમ–૭૮(૧), ૭૮(૨), ૭૯ તથા

ધી પ્રોટેકશન ઓફ ધી ચિલ્ડ્રન ફ્રોમ સેકસ્યુઅલ ઓફેન્સિસ એકટ–૨૦૧૨ ની કલમ–૧૧(૪), ૧૨ મુજબ ગુનો દાખલ કરેલ.

(૩) આ કામે આરોપી વિરુધ્ધની ફરિયાદની તપાસના અંતે આરોપી વિરુદ્ધ બી.એન.એસ. એકટ–૨૦૨૩ ની કલમ–૭૮(૧), ૭૮(૨), ૭૯ તથા ધી પ્રોટેકશન ઓફ ધી ચિલ્ડ્રન ફ્રોમ સેકસ્યુઅલ ઓફેન્સિસ એકટ–૨૦૧૨ ની કલમ–૧૧(૪), ૧૨ મુજબના ગુનાનો પુરતો પુરાવો મળી આવતા આરોપી વિરુધ્ધ આ ગુનાનું ચાર્જશીટ સ્પેશયલ કોર્ટ, વ્યારા માં કરવામાં આવેલ છે. જે પોકસો કેસ **નં.૨૫ /૨૦૨૫** થી નોંધવામાં આવેલ છે. અત્રેની અદાલતથી આ કામે આરોપીને હાજર થવા સમન્સ ઈશ્યુ કરતા તે બજી જતા, આરોપી હાજર થતા, આરોપીને પોલીસ તપાસના કાગળોની નકલો મળ્યાની ખાત્રી કરીને,

**આંક–૦૭** થી આરોપી વિરુધ્ધ બી.એન.એસ. એકટ–૨૦૨૩ ની કલમ–૭૮(૧), ૭૮(૨), ૭૯ તથા ધી પ્રોટેકશન ઓફ ધી ચિલ્ડ્રન ફ્રોમ સેકસ્યુઅલ ઓફેન્સિસ એકટ–૨૦૧૨ ની કલમ–૧૧(૪), ૧૨ મુજબ ગુનો કરેલાનું તહોમતનામુ ફરમાવવામાં આવેલ છે. સદર તહોમતનામાના ગુના બાબતે આરોપીનું નિવેદન આંક–૦૮ થી લેતા, આરોપી તરફે ગુનો કરેલ હોવાનો ઈન્કાર કરેલ છે. જેથી આરોપી વિરુધ્ધના કેસની ઈન્સાફી કાર્યવાહી આગળ ચલાવવામાં આવેલ છે.

(૪) ત્યારબાદ ફરીયાદપક્ષ તરફે ઉપરોકત **''ફોર્મ–સી''** મુજબ ના સાક્ષીઓનો મૌખિક પુરાવો રેકર્ડ કરવામાં આવેલ છે. ત્યારબાદ ફરીયાદપક્ષ તરફે પુરાવો પુરો થયાની **આંક– ૪૬** થી પુરસીસ રજુ થતાં ફરીયાદ પક્ષના પુરાવો બંધ કરવામાં આવેલ છે. ત્યારબાદ આરોપીનું બી.એન.એસ.એસ.ની કલમ–૩૫૧(ક્રિમીનલ પ્રોસીજર કોડની કલમ–૩૧૩) મુજબ વિશેષ નિવેદન નોંધવામાં આવેલ છે. જેમાં આરોપી તરફે ગુનો કરેલાનો ઈન્કાર કરેલ છે અને વધુમાં જણાવેલ છે

કે, અમો નિર્દોષ છીએ, પોલીસે ખોટી રીતે ચાર્જશીટ કરી અમો આરોપીને સદર ગુનામાં સંડોવી દીધેલ છે.''

(૫) આ કામે ફરીયાદપક્ષ તરફે વિ.ઈ/ચા.પી.પી.શ્રી એસ.બી.પંચોલી નાઓએ તેમની દલીલમા જણાવેલ છે કે, આ કામે ફરીયાદી, ભોગબનનાર જેવા મહત્વના સાહેદ ફરી ગયેલા સાહેદ જાહેર થયેલ છે તથા પોતાની બચાવપક્ષની ઉલટતપાસમાં ફરીયાદપક્ષ ની હકિકતોનો સ્વીકાર કરેલ નથી તેમજ અન્ય શિક્ષક સાહેદો તથા પોલીસ સાહેદોના પુરાવાથી ફરીયાદપક્ષના કેસને પુરુ સમર્થન મળેલ છે. જે સમગ્ર પુરાવો એકત્ર રીતે ધ્યાને લેતા ફરીયાદ પક્ષ પોતાનો કેસ આરોપી વિરુધ્ધ નિઃશંકપણે સાબીત કરેલો હોય આરોપીને યોગ્ય સજા થવા રજુઆત કરેલ છે.

(૬) જયારે આરોપી તરફે વિ.વ.શ્રી યુ.એન.શાહનાઓએ મૌખિક દલીલ કરતા જણાવે છે કે, આ કામે મહત્વના સાહેદોનો પુરાવો પૃથ્થક રીતે ધ્યાને લેતાં, મહત્વના સાહેદ તે ભોગબનનારે પોતાની જુબાનીના પુરાવામાં સરતપાસમાં ફરીયાદપક્ષના કેસથી વિરુધ્ધ હકિકતો જણાવેલ છે અને ભોગબનનાર ફરીયાદ પક્ષના કેસને સમર્થન કરતા નથી તથા ફરી ગયેલ સાહેદ જાહેર થયેલા છે. આરોપી તરફે ઉલટતપાસમાં ફરીયાદ પક્ષના કેસથી તદન વિરુધ્ધ હકિકતોનો સ્વીકાર કરે છે. આરોપીએ ભોગબનનાર સાથે શરીર સબંધ બાંધેલાનો ભોગબનનારે ઈન્કાર કરેલ છે. ભોગબનનારે ફરીયાદ પક્ષના કેસથી જુદી હકિકત જણાવેલ છે.

આ ઉપરાંત આ કામે ફરીયાદપક્ષે મહત્વના સાહેદ જેઓ ફરીયાદી તથા અન્ય સાહેદો પોતાની સરતપાસમાં ફરીયાદપક્ષની કેટલીક હકિકતો જણાવેલ છે પરંતુ ઉલટતપાસમાં ફરીયાદપક્ષ ની વિરૂદ્ધ હકિકતો જણાવેલ છે. જે ધ્યાને લેતા ફરીયાદીનો પુરાવો ભરોસાપાત્ર જણાય આવે તેમ ન હોય આરોપી વિરૂદ્ધના કેસ ને

સમર્થનકારી જુબાની આપેલ નથી. આમ, મહત્વના સાહેદ ભોગબનનાર, ફરીયાદી તથા અન્ય સાહેદોનો પુરાવો ધ્યાને લેતાં ફરીયાદપક્ષનો કેસ શંકાસ્પદ બનેલો છે. જેથી અન્ય સાહેદો પોલીસ સાહેદોનો પુરાવો ધ્યાને લેતા તેઓએ પોતાના ફરજના ભાગ રુપે કરેલ કાર્યવાહીને સ્વાભાવિક સમર્થન કરેલ છે. તે સંજોગોમાં મુખ્ય સાહેદોના પુરાવાના અભાવના સંજોગોમાં અન્ય સાહેદોના સહાયક પુરાવાને આધાર બનાવી આરોપીને તકસીરવાન ઠરાવી શકાય તેમ નથી. જેથી આરોપી સામેનો કેસ ફરીયાદ પક્ષે નિઃશંક રીતે સાબીત કરવામાં ફરીયાદ પક્ષ નિષ્ફળ રહેલ હોય, આરોપીને નિર્દોષ ઠરાવી છોડી મુકવા માંગણી કરેલ છે.

(૭) આ કામના નિર્ણય માટે મારી સમક્ષ નીચે મુજબના મુદ્દા ઉપસ્થિત છે.

**મુદ્દા નં.૧:–**

શું ફરીયાદપક્ષ નિ:શંકપણે પુરવાર કરે છે કે,બનાવ સમયે ભોગ બનનાર સગીરવયના હતા ?

**મુદ્દા નં.૨:–**

શું ફરીયાદપક્ષ નિ:શંકપણે પુરવાર કરે છે કે, આ કામના આરોપીએ તા.૨૬/૦૯/૨૦૨૫ ના રોજ કુલઉમરાણ પ્રાથમિક શાળા, કુલઉમરાણ ગામ, તાલુકો ઉચ્છલ, જીલ્લો તાપી મુકામે સ્કુલમાં કોટ બાંધવાના કામે આવેલ ત્યારે બપોરના બે વાગ્યાની આસપાસ બધા સ્કુલમાં નીચે જમતા હતા ત્યારે ફરીયાદીની દિકરી (ભોગબનનાર) સ્કુલના બીજા માળે આવેલ કલાસ રૂમમાં ચોપડી લેવા ગયેલ ત્યારે તેણીનો હાથ પકડેલ જેથી તેણી ત્યાંથી ફટાફટ ભાગવા જતા તેને ડાબા પગની આંગળીમાં વાગાડી, બી.એન.એસ. એકટ–૨૦૨૩ ની કલમ–૭૮(૧), ૭૮(૨), ૭૯ તથા ધી પ્રોટેકશન ઓફ ધી ચિલ્ડ્રન ફ્રોમ સેકસ્યુઅલ ઓફેન્સિસ એકટ–૨૦૧૨ ની કલમ–૧૧(૪), ૧૨ અન્વયે શિક્ષાપાત્ર ગુનો કરેલ છે ?

**મુદ્દા નં.૩:–**

શું હુકમ?

**(૭.૧)** આ કામે ઉપરોકત મુદાઓ પરત્વેના મારા નિર્ણયો નીચે મુજબ છે.

:૧: હકારાત્મક,

:૨: નકારાત્મક,

:૩: આખરી હુકમ પ્રમાણે.

**<u>–:: કા ર ણો ::–</u>**

**<u>///મુદ્ધા નંબર–૧ અંગેના કારણો ///</u>**

**(૮)** આ કામે આરોપી વિરુદ્ધ બી.એન.એસ. એકટ–૨૦૨૩ ની કલમ–૭૮(૧), ૭૮(૨), ૭૯ તથા ધી પ્રોટેકશન ઓફ ધી ચિલ્ડ્રન ફ્રોમ સેકસ્યુઅલ ઓફેન્સિસ એકટ–૨૦૧૨ ની કલમ–૧૧(૪), ૧૨ મુજબના ગુનાનો આક્ષેપ છે ત્યારે ભોગબનનારની ઉમર ૧૮ વર્ષથી નીચે હોવુ ખુબ જ જરૂરી બને છે.

મુદ્દા નં.૧ મુજબના આરોપી સામેના આક્ષેપો નિ:શંકપણે પુરવાર કરવાની જવાબદારી ફરીયાદપક્ષના શીરે રહેલી છે એટલે કે ફરીયાદપક્ષે એ હકીકત નિ:શંકપણે પુરવાર કરવાની રહે છે કે બનાવ સમયે અને તારીખે ભોગબનનાર સગીર વયના હતા ?

બનાવ સમયે ભોગબનનાર સગીરવયના હતા તે નિ:શંક પણે પુરવાર કરવાની જવાબદારી ફરીયાદપક્ષના શિરે છે. ફરીયાદપક્ષ તરફે રજુ ભોગબનનારના જન્મના પુરાવા તરીકે કુલઉમરાણ પ્રાથમિક શાળાના બોનોફાઇડ પ્રમાણપત્ર આંક–૩૫, શાળામાં દાખલ કરવાનો નમુનો–૯ આંક–૩૬, જનરલ રજીસ્ટરના ઉતારાની નકલ આંક–૩૭, કુલ ઉમરાણ ગ્રામ પંચાયત ધ્વારા આપવામાં આવેલ જન્મ પ્રમાણપત્ર આંક–૩૯ તથા જન્મ મરણ રજીસ્ટરના ઉતારાની નકલ આંક–૪૦ ની નકલ રજુ કરેલ છે અને સદર દસ્તાવેજો તથા જન્મના પ્રમાણપત્રમાં ભોગબનનારની જન્મ

તા. ૦૧ / ૦૩ / ૨૦૧૬ દર્શાવવા માં આવેલ છે અને સદર બનાવ સને– ૨૦૨૫ માં બનેલ છે. આ હકીકતને પુરવાર કરવા **સાહેદ નં.૧** ફરીયાદી/ ભોગબનનારની માતા(આંક– ૦૯ ), ફરીયાદ–આંક– ૧૦ , ફરીયાદીનુ ૧૮૩ મુજબનુ નિવેદન આંક ૧૧ , સાહેદ નં ૨ ભોગબનનારના પિતા (આંક–૧૨) તથા સાહેદ નં.૩ ભોગ બનનાર(આંક–૧૩) નાઓએ પોતાના સોંગદ પરના પુરાવામાં આ હકીકતને સમર્થન આપતો પુરાવો આપેલ છે. તલાટી કમ મંત્રી કુલ ઉમરાણ ગ્રામ પંચાયતના તલાટી કમ મંત્રીને તપાસ કરનાર અમલદાર ધ્વારા પોલીસ યાદી કરતા આંક–૩૯ થી રજુ પ્રમાણપત્ર ઈસ્યુ કરેલ છે. ભોગબનનાર સગીર વયની ન હોવા બાબતે આરોપીપક્ષ લેશમાત્ર પુરાવો રેકર્ડ પર લાવેલ નથી. જેથી આ દસ્તાવેજોને નહી માનવાને કોઈ કારણ નથી.

આમ, આ કામે ભોગબનનારની ઉમર બનાવ સમયે ૧૮ વર્ષની નીચે હોવાનુ ફરીયાદપક્ષ વિશ્વાસજન્ય પુરાવાઓથી પુરવાર કરવામાં સફળ રહેલ હોય જેથી મુદ્દા **નં.૧નો નિર્ણય ''હકારમાં''** માં ઠરાવુ છું.

**///મુદ્દા નંબર–૨ અંગેના કારણો ///**

**(૯) આ કામે ફરીયાદપક્ષ તરફે રજુ થયેલ સોગંદ ઉપરની જુબાનીનો પુરાવો તેમજ દસ્તાવેજી પુરાવો વંચાણે લઈ ધ્યાને લીધો.** **સૌપ્રથમ** આ કામે મહત્વના સાહેદોની જુબાનીનો પુરાવો ધ્યાને લેતાં,_સાહેદ નં.૧ ફરી**યાદી/ભોગબનનારની માતા વસાવા**નાઓએ આંક – ૦૯ ની જુબાનીમાં જણાવેલ છે કે, "હું મારા પતિ તથા બે બાળકો સાથે રહી ખેતીકામ કરૂ છુ. મારી મોટી ભોગબનનાર દિકરીની જન્મ તા.૧/૩/૨૦૧૩ છે અને તે ધોરણ–૮ માં કુલઉમરાણ પ્રાથમિક શાળામાં અભ્યાસ કરે છે અને તેનાથી નાનો દિકરો ધોરણ–૭ માં અભ્યાસ કરે છે.

તા.૨૬/૯/૨૦૨૫ ના રોજ સવારના આશરે સાત–આઠ વાગ્યાના અરસામાં મારા પતિ અમારા ખેતરમાં કામકાજ કરવા ગયેલ અને બંને બાળકો દશેક વાગ્યે સ્કુલે જવા નિકળેલા. તે પછી હું પણ ખેતરે મારા પતિને મદદ કરવા ગયેલી. અમે ખેતરમાં કામ કરતા હતા ત્યારે આશરે પાંચેક વાગ્યાની આસપાસ શાળામાંથી ઉમેશ સરનો ફોન આવેલો અને મારા પતિને શાળાએ બોલાવેલ જેથી અમે બંને ખેતરેથી જવા નિકળેલા. હું મારા ઘરે આવેલી અને મારો પતિ સ્કુલે ગયેલો. થોડીવાર પછી સ્કુલના બીજા બાળકો મારા ઘરે આવી મને કહેલ કે, સ્કુલમાં સાહેબ બોલાવે છે. તો મેં બાળકોને પુછેલ કે, શું કામ બોલાવે છે ? ત્યારે બાળકોએ ભોગબનનારને પગમાં વાગી ગયેલ હોય સાહેબ બોલાવે છે. જેથી હુ બાળકો સાથે સ્કુલમાં ગયેલી જયાં ભોગબનનાર, મારા પતિ અને સ્કુલના શિક્ષક ઉમેશભાઇ, યોગેશભાઇ અને ગિજેન્દ્રભાઇ મળેલા ત્યારે શિક્ષક ઉમેશભાઇએ જણાવેલ કે, અમે શાળામાં જમવા સારૂ બેસેલા ત્યારે તમારી છોકરી કલાસમાં ચોપડી લેવા ગયેલી અને શાળામાં રીસેસનો બેલ પડતા તે એકદમ દોડીને કલાસ રૂમની બહાર જતા તેના પગમાં વાગતા તે પડી ગયેલ અને તેના ડાબા પગની આંગળીમાં વાગી ગયેલ છે જેથી તેની સારવાર કરાવવાનુ છે તેમ કહેલુ જેથી મેં મારી ભોગબનનાર દિકરીને પુછતા તેણે પણ આવુ જ જણાવેલુ અને ભોગબનનાર પડી ગયેલ હોય સ્કુલમાંથી કોઇએ ફોન કરીને પોલીસને જાણ કરેલી અને તે સમયે ગામના લોકો પણ ત્યાં આવી ગયેલા.

પોલીસવાળાએ આ ધટના બાબતે મારી પુછપરછ કરેલી અને મને મારૂ નામ–ઠામ પુછેલુ અને પોલીસે એક કાગળમાં મારી સહી લીધેલી તેમાં શું લખેલુ તેની મને ખબર નથી.

સાહેદને માર્ક–૫/૧ થી રજુ ફરીયાદ બતાવવામાં આવે છે જે જોઇને સાહેદ તેમાં પોતાની સહી ઓળખી બતાવે છે. જેને પુરાવામાં રજુ દાખલ **<u>આંક–૧૦(P-1/PW-1)</u>** આપવામાં આવે છે.

મને પોલીસવાળા ઉચ્છલ કોર્ટમાં નિવેદન લેવા સારૂ લઇ ગયેલા જયાં જજ સાહેબને મેં ઉપરોકત જણાવેલ હકીકત જ જણાવેલ. આજરોજ કોર્ટના રેકર્ડમાંથી એક સીલબંધ કવર જે આરોપી અને તેમના વકીલશ્રી યુ.એન.શાહ,

ઇ.ચા.સ્પે.પી.પી.શ્રીની હાજરીમાં ખોલતા તેમાંથી એક નિવેદન નિકળેલ છે જે સાહેદને બતાવતા તેમાં પોતાની સહી ઓળખી બતાવે છે જે બી.એન.એસ.એસ.ની કલમ–૧૮૩ મુજબનુ નિવેદન હોય તેને પુરાવામાં રજુ દાખલ **<u>આંક–૧૧(P-2/PW-1)</u>** આપવામાં આવે છે. આરોપીને હું ઓળખતી નથી.

પોલીસે મારી ભોગબનનાર દિકરીનુ નામ–ઠામ પુછેલુ અને પછી અમે ઘરે જતા રહેલા. બીજા દિવસે મારી ભોગબનનાર દિકરીને દવાખાને લઇ ગયેલા જયાં ડોકટર સાહેબે સારવાર આપેલી.

એવુ બનેલ નથી કે, હું ઘરે હતી ત્યારે સ્કુલના બાળકો ઘરે આવી એમ જણાવેલ કે, ભોગબનનારને એક માણસે પકડી રહેલ અને ભોગબનનાર ભાગવા જતા તેણીને પગમાં વાગેલ.

એવુ બનેલ નથી કે, શાળાએ ગયેલ ત્યારે ઉમેશ સાહેબે જણાવેલ કે, ભોગબનનાર કલાસમાં ચોપડી લેવા ગયેલ ત્યારે એક માણસે તેનો હાથ પકડી રાખેલ અને તેનુ નામ નિતેશ અનિલ અને તે સ્કુલમાં કોટ બાંધવાનુ કામ કરવા આવે છે.

એવુ બનેલ નથી કે, ભોગબનનારને પુછતા તેણીએ એમ જણાવેલ કે, હું ચોપડી લેવા બીજા માળે આવેલ કલાસમાં ગયેલ ત્યારે એક માણસ આવી હાથ પકડી રહેલ જેથી હું ભાગવા જતા મારા ડાબા પગની આંગળીમાં વાગી ગયેલ અને તેણીએ તેનુ નામ નિતેશ અનિલ હોવાનુ જણાવેલ. ”

જે ધ્યાને લેતાં ફરીયાદી/ભોગબનનારની માતા જેવા મહત્વના સાહેદ ફરી ગયેલા જાહેર થયેલ છે તેઓની ફરીયાદપક્ષે કરવામાં ઉલટતપાસમાં પણ ફરીયાદપક્ષના કેસને સમર્થન કરેલ નથી તેમજ બચાવપક્ષે આરોપી તર્ફે કરેલ ઉલટતપાસમાં ફરીયાદી/ભોગબનનારની માતાએ જણાવેલ છે કે " એ વાત ખરી છેકે, હું સ્કુલે ગયેલી ત્યારે ભોગબનનારને પગમાં વાગેલ હતુ તેનુ કારણ પુછતા તેણીએ જણાવેલ કે, સ્કુલમાં રીસેસ પડેલી હતી અને અચાનક બેલ વાગવાથી હું ચોપડી લેવા દોડેલી જેથી દોડતા દોડતા સ્કુલના રૂમનુ બારણું વાગતા હું પડી ગયેલી જેથી

મને વાગેલુ. એ વાત ખરી છેકે,ભોગબનનારે આ સિવાય બીજી કોઈ હકીકત જણાવેલ નહીં. એ વાત ખરી છેકે,ભોગબનનારે કે સ્કુલના શિક્ષકોએ મને આરોપીનુ નામ–ઠામ જણાવેલ નહીં. એ વાત ખરી છેકે,શાળાએ મારા સંતાનો જાતે જ જાય છે. એ વાત ખરી છેકે, મારે કોઈ દિવસ શાળાએ જવાનો પ્રસંગ બનેલ નથી. એ વાત ખરી છેકે, શાળામાં સ્કુલનુ કામકાજ ચાલતુ હોય તેની મને ખબર નથી. એ વાત ખરી છેકે, સ્કુલના બાંધકામમાં મજુરો આવે છે કે કેમ તેની મને ખબર નથી. એ વાત ખરી છેકે,ભોગબનનાર દિકરીએ ડોકટર સાહેબને સ્કુલમાં દરવાજો વાગતા પગમાં વાગેલાનુ જણાવેલુ તે સીવાય બીજુ ડોકટર સાહેબને જણાવેલુ નહીં. એ વાત ખરી છેકે, જજ સાહેબને પણ મેં આ જ હકીકત જણાવેલી. એ વાત ખરી છેકે, મેં કે મારા પતિ કે ભોગબનનારે સ્કુલના સી.સી.ટી.વી. કેમેરા જોયા નથી."

તે જ રીતે આંક–૧૧ થી બી.એન.એસ.એસ.ની કલમ–૧૮૩ મુજબનુ નિવેદન રજુ થયેલ છે. જે ધ્યાને લેતાં ફરીયાદીએ તેમાં જણાવેલ હકીકતથી વિપરીત હકીકત પોતાના સોંગદ પરના પુરાવામાં જણાવેલ છે.

આમ, ભોગબનનારની માતા/ફરીયાદી ની સરતપાસ તેમજ ઉલટતપાસ તેમજ ૧૮૩ મુજબનુ નિવેદન ધ્યાને લેતાં ફરીયાદપક્ષના કેસ ને સમર્થન મળતુ ન હોય અને ફરિયાદપક્ષના કેસથી વિરોધાભાસી હકિકતો જણાવેલ છે તે સંજોગોમાં ફરીયાદપક્ષનો કેસ શંકાસ્પદ બનેલ છે.

**(૧૦)** આ કામે મહત્વના સાહેદ ફરિયાદપક્ષે સાહેદ **નં–૨ ભોગબનનારના પિતા** નાઓએ આંક–૧૨ ની જુબાનીમાં જણાવેલ છે કે, " હું મારા પત્ની તથા બે બાળકો સાથે રહી ખેતીકામ કરૂ છુ. મારી મોટી દિકરી ભોગબનનારની જન્મ તા.૧/૩/૨૦૧૩ છે અને તે ધોરણ–૮ માં કુલઉમરાણ પ્રાથમિક શાળામાં અભ્યાસ કરે છે અને તેનાથી નાનો દિકરો ધોરણ–૭ માં અભ્યાસ કરે છે.

તા.૨૬/૯/૨૦૨૫ ના રોજ સવારના આશરે સાત–આઠ વાગ્યાના અરસામાં હું અમારા ખેતરમાં કામકાજ કરવા ગયેલ અને મારી પત્નીએ બંને બાળકોને તૈયાર કરી દશેક વાગ્યે સ્કુલે મોકલ્યા બાદ ખેતરે મને મદદ કરવા

સારૂ આવેલી. અમે ખેતરમાં કામ કરતા હતા ત્યારે આશરે પાંચેક વાગ્યાની આસપાસ શાળામાંથી ઉમેશ સરનો મારા પર ફોન આવેલો અને મને શાળાએ બોલાવેલ જેથી મેં મારી પત્ની સાથે ખેતરેથી ઘરે ગયેલ અને પત્ની ઘરે રોકાયેલ અને હું ભોગબનનારની શાળાએ ગયેલ ત્યારે મને ત્યાં ભોગબનનાર, સ્કુલના શિક્ષક ઉમેશભાઇ, યોગેશભાઇ અને ગિજેન્દ્રભાઇ મળેલા ત્યારે ભોગબનનાર રડતી હતી અને ગભરાયેલી હતી ત્યારે શિક્ષક ઉમેશભાઇએ જણાવેલ કે, અમે શાળામાં જમવા સારૂ બેસેલા ત્યારે તમારી છોકરી કલાસમાં ચોપડી લેવા ગયેલી અને શાળામાં રીસેસનો બેલ પડતા તે એકદમ દોડીને કલાસ રૂમની બહાર જતા તેના પગમાં વાગતા તે પડી ગયેલ અને તેના ડાબા પગની આંગળીમાં વાગી ગયેલ છે જેથી તેની સારવાર કરાવવાનુ છે તેમ કહેલુ જેથી મેં મારી ભોગબનનાર દિકરીને પુછતા તેણે પણ આવુ જ જણાવેલુ અને ભોગબનનાર પડી ગયેલ હોય સ્કુલમાંથી કોઇએ ફોન કરીને પોલીસને જાણ કરેલી અને તે સમયે ગામના લોકો પણ ત્યાં આવી ગયેલા.

પોલીસવાળાએ આ ધટના બાબતે મારી પુછપરછ કરી મારૂ, મારી પત્નીનુ તથા ભોગબનનારનુ નામ–ઠામ પુછેલુ અને પોલીસે એક કાગળમાં મારી પત્નીની સહી લીધેલી તેમાં શું લખેલુ તે અમે વાંચેલ નહીં. ભોગબનનાર દિકરીને બીજા દિવસે દવાખાને લઇ ગયેલા. હું આરોપીને ઓળખતો નથી.

એવુ બનેલ નથી કે, શાળાએ ગયેલ ત્યારે ઉમેશ સાહેબે જણાવેલ કે, ભોગબનનાર કલાસમાં ચોપડી લેવા ગયેલ ત્યારે એક માણસે તેનો હાથ પકડી રાખેલ અને તેનુ નામ નિતેશ અનિલ અને તે સ્કુલમાં કોટ બાંધવાનુ કામ કરવા આવે છે.

એવુ બનેલ નથી કે, ઉમેશ સાહેબે શાળાના સી.સી.ટી.વી. કેમેરા અમને બતાવેલ.

એવુ બનેલ નથી કે, ભોગબનનારને પુછતા તેણીએ એમ જણાવેલ કે, હું ચોપડી લેવા બીજા માળે આવેલ કલાસમાં ગયેલ ત્યારે એક માણસ આવી હાથ પકડી રહેલ જેથી હું ભાગવા જતા મારા ડાબા પગની આંગળીમાં વાગી ગયેલ અને તેણીએ તેનુ નામ નિતેશ અનિલ હોવાનુ જણાવેલ. "

જે ધ્યાને લેતાં ભોગબનનારના પિતા જેવા મહત્વના સાહેદ ફરી ગયેલા જાહેર થયેલ છે તેઓની ફરીયાદપક્ષે કરવામાં ઉલટતપાસમાં પણ ફરીયાદપક્ષના કેસને સમર્થન કરેલ નથી તેમજ બચાવપક્ષે આરોપી તર્ફે કરેલ ઉલટતપાસમાં ભોગબનનારના પિતાએ જણાવેલ છે કે " એ વાત ખરી છેકે, હું સ્કુલે ગયેલી ત્યારે ભોગબનનારને પગમાં વાગેલ હતુ તેનુ કારણ પુછતા તેણીએ જણાવેલ કે, સ્કુલમાં રીસેસ પડેલી હતી અને અચાનક બેલ વાગવાથી હું ચોપડી લેવા દોડેલી જેથી દોડતા દોડતા સ્કુલના રૂમનુ બારણું વાગતા હું પડી ગયેલી જેથી મને વાગેલુ. એ વાત ખરી છેકે,ભોગબનનારે આ સિવાય બીજી કોઇ હકીકત જણાવેલ નહીં. એ વાત ખરી છેકે,ભોગબનનારે કે સ્કુલના શિક્ષકોએ મને આરોપીનુ નામ-ઠામ જણાવેલ નહીં. એ વાત ખરી છેકે,શાળાએ મારા સંતાનો જાતે જ જાય છે. એ વાત ખરી છેકે, મારે કોઇ દિવસ શાળાએ જવાનો પ્રસંગ બનેલ નથી. એ વાત ખરી છેકે, શાળામાં સ્કુલનુ કામકાજ ચાલતુ હોય તેની મને ખબર નથી. એ વાત ખરી છેકે, સ્કુલના બાંધકામમાં મજુરો આવે છે કે કેમ તેની મને ખબર નથી. એ વાત ખરી છેકે, મેં કે મારી પત્ની કે ભોગબનનારે સ્કુલના સી.સી.ટી.વી. કેમેરા જોયા નથી. " આમ, ભોગબનનારના પિતાની સરતપાસ તેમજ ઉલટતપાસ ધ્યાને લેતાં ફરીયાદપક્ષના કેસ ને સમર્થન મળતુ ન હોય અને ફરિયાદપક્ષના કેસથી વિરોધાભાસી હકિકતો જણાવેલ છે તે સંજોગોમાં ફરીયાદપક્ષનો કેસ શંકાસ્પદ બનેલ છે.

**(૧૧)** આ કામે મહત્વના સાહેદ ફરિયાદપક્ષે સાહેદ **નં-૩ ભોગબનનાર** નાઓએ આંક- ૧૩ ની જુબાનીમાં જણાવેલ છે કે, " હું મારા માતા-પિતા સાથે કુલઉમરાણ ગામે રહી ધોરણ-૮ માં અભ્યાસ કરૂ છુ. મારી જન્મ તા.૧/૩/૨૦૧૩ છે. મારો નાનો ભાઇ ધોરણ-૨ માં અભ્યાસ કરે છે.

તા.૨૬/૯/૨૦૨૫ ના રોજ હું તથા મારો ભાઇ ઘરેથી આશરે દશેક વાગ્યે સ્કુલે જવા નિકળેલા અને બપોરના આશરે દોઢેક વાગ્યાના સમયે રીસેસ પડતા જમવા સારૂ નીચે આવેલ અને જમી પરવારીને રીસેસનો સમય પૂર્ણ થતા બેલ વાગેલ અને મારે ચોપડી લેવાની હોય કલાસમાં ચોપડી લઇ

કલાસ રૂમની બહાર નિકળતી વખતે દરવાજો પગમાં વાગી જતા ઠોકર લાગતા ડાબા પગની આંગળીમાં વાગી ગયેલ એટલામાં શાળાના શિક્ષક ત્યાં આવી ગયેલા અને મને વાગેલ હોય મારા મમ્મી–પપ્પાને ફોન કરીને સ્કુલમાં બોલાવેલ અને થોડાક સમયમાં ગામના લોકો પણ સ્કુલમાં આવી ગયેલા અને તે પછી પોલીસવાળા પણ શાળાએ આવી ગયેલા અને મારૂ, મમ્મીનુ અને પપ્પાનુ નામ–ઠામ પુછેલુ અને મને પોલીસવાળા દવાખાને લઇ ગયેલા અને મને વાગેલ તે જગ્યાએ સારવાર આપેલી.

મને પોલીસવાળા ઉચ્છલ કોર્ટમાં નિવેદન લેવા સારૂ લઇ ગયેલા જયાં જજ સાહેબને મેં ઉપરોકત જણાવેલ હકીકત જ જણાવેલ. આજરોજ મને કોર્ટના રેકર્ડમાંથી એક કવર જે આરોપી, આરોપીના વકીલશ્રી યુ.એન.શાહ, સ્પે.પી.પી.શ્રીની હાજરીમાં સીલબંધ કવર ખોલતા તેમાંથી ફોરવર્ડીંગ પત્ર સાથે બી.એન.એસ.એસ.ની કલમ–૧૮૩ મુજબનુ નિવેદન નિકળેલ છે તેમાં મારો અંગુઠો છે જે ઓળખી બતાવુ છુ જે બી.એન.એસ.એસ.ની કલમ–૧૮૩ મુજબના નિવેદનને પુરાવામાં રજુ દાખલ **આંક–૧૪(P-3/PW-3)** આપવામાં આવે છે. આજરોજ કોર્ટમાં હાજર છે તે આરોપી અમારી શાળાએ બાંધકામનુ કામ કરવા આવતો ઈસમ છે જેનુ નામ મને ખબર નથી.

એવુ બનેલ નથી કે, સ્કુલના બીજા માળે કલાસમાં જતી હતી ત્યારે એક છોકરો પગઠીયા પર બેસેલ હોય અને તે છોકરો કલાસરૂમમાં પાછળ આવી જમણો હાથ પકડેલ અને મારૂ નામ પુછેલ અને હાથ છોડાવી ત્યાંથી ભાગી ગયેલ ત્યારે રૂમનો દરવાજો પગની આંગળીમાં વાગી ગયેલ અને દોડતી દોડતી નીચે આવેલ અને બનાવની હકીકત શાળાના શિક્ષકોને કરેલી અને તે પછી શિક્ષકો કલાસમાં આવેલા ત્યાં તે છોકરો હાજર હતો અને તેણે શિક્ષકોની હાજરીમાં નામ પુછેલ અને તેણે જણાવેલ.

એવુ બનેલ નથી કે, શાળાના સી.સી.ટી.વી.કેમેરા ચેક કરવા ગયેલ ત્યારે આરોપી ત્યાંથી ભાગી ગયેલ અને ઉમેશ સાહેબે તે છોકરાનુ નામ નિતેશ અનિલ કહેલુ. ''

જે ધ્યાને લેતાં ભોગબનનાર જેવા મહત્વના સાહેદ ફરી ગયેલા જાહેર થયેલ છે તેઓની ફરીયાદપક્ષે કરવામાં ઉલટતપાસમાં પણ ફરીયાદપક્ષના કેસને સમર્થન કરેલ નથી તેમજ બચાવપક્ષે આરોપી તર્ફે કરેલ ઉલટતપાસમાં ભોગબનનારે જણાવેલ છે કે "એ વાત ખરી છેકે, મને કોઈએ મારો હાથ પકડયો હોય અને ગભરાઈને ભાગી ગઈ હોય તેમ બન્યુ નથી. એ વાત ખરી છેકે, મને કલાસરૂમનુ બારણું વાગી જતા પડી ગયેલી અને ડાબા પગની આંગળીમાં વાગેલુ. એ વાત ખરી છેકે,મે મારા મમ્મી–પપ્પાને બોલાવવાનુ કહેલુ નહીં. એ વાત ખરી છેકે, શાળામાંથી સાહેબોએ કે બીજા કોઈએ ફોન કરીને મમ્મી– પપ્પાને બોલાવેલા. એ વાત ખરી છેકે,મેં ડોકટર સાહેબને સ્કુલમાં દરવાજો વાગતા પગમાં વાગેલાનુ જણાવેલુ તે સીવાય બીજુ ડોકટર સાહેબને જણાવેલુ નહીં. એ વાત ખરી છેકે, જજ સાહેબને પણ મેં આ જ હકીકત જણાવેલી. એ વાત ખરી છેકે, મેં કે મારા મમ્મી–પપ્પાએ સ્કુલના સી.સી.ટી.વી. કેમેરા જોયા નથી. એ વાત ખરી છેકે, આરોપી અમારી સ્કુલમાં બાંધકામ કરવા આવતો હોય ઓળખુ છુ. એ વાત ખરી છેકે,પોલીસે બનાવ વિશે મારા જોડે કોઈ વાતચીત કરેલી નહીં. "

તે જ રીતે આંક–૧૪ થી બી.એન.એસ.એસ.ની કલમ–૧૮૩ મુજબનુ નિવેદન રજુ થયેલ છે. જે ધ્યાને લેતાં ભોગબનનારે તેમાં જણાવેલ હકીકતથી વિપરીત હકીકત પોતાના સોંગદ પરના પુરાવામાં જણાવેલ છે.

આમ, ભોગબનનારની માતા/ફરીયાદીની સરતપાસ તેમજ ઉલટતપાસ તેમજ ૧૮૩ મુજબનુ નિવેદન આમ, ભોગ બનનાર ની સરતપાસ તેમજ ઉલટતપાસ ધ્યાને લેતાં ફરીયાદપક્ષના કેસ ને સમર્થન મળતુ ન હોય અને ફરિયાદપક્ષના કેસથી વિરોધાભાસી હકિકતો જણાવેલ છે તે સંજોગોમાં ફરીયાદપક્ષનો કેસ શંકાસ્પદ બનેલ છે.

**(૧૨)** આ કામે આરોપી વિરુદ્ધ બી.એન.એસ. એકટ–૨૦૨૩ ની કલમ–૭૮ ( ઈ.પી.કો. કલમ.) મુજબના શિક્ષાને પાત્ર ગુનાનુ તહોમત છે ત્યારે બી.એન. એસ.ની કલમ–૭૮( ઈ.પી.કો.કલમ–354 )ની રચના ધ્યાને લેતા તે નીચે મુજબ છે.

ભારતીય ન્યાય સંહિતા (**BNS**) ની કલમ **78**

(જે અગાઉની IPC કલમ 354D ) પીછો કરવા (Stalking) ને ગુનો ગણે છે. જો કોઈ પુરુષ મહિલાની ના છતાં તેનો પીછો કરે, સંપર્ક કરવાનો પ્રયાસ કરે, અથવા ઇન્ટરનેટ/ઇલેક્ટ્રોનિક માધ્યમથી તેની દેખરેખ (monitoring) રાખે, તો તે કલમ 78(1) હેઠળ ગુનો બને છે.

**કલમ 78 - પીછો કરવો (Stalking):**

- **78(1) (i):** જો કોઈ પુરુષ, કોઈ મહિલાની સ્પષ્ટ ના (અસ્વીકાર) છતાં, તેની સાથે વ્યક્તિગત સંપર્ક વધારવા માટે વારંવાર પીછો કરે અથવા સંપર્ક કરવાનો પ્રયાસ કરે.
- **78(1) (ii):** જો કોઈ પુરુષ કોઈ મહિલા દ્વારા ઇન્ટરનેટ, ઇમેઇલ અથવા અન્ય કોઈ પણ ઇલેક્ટ્રોનિક સંચાર (electronic communication) ના ઉપયોગને મોનીટર કરે છે.

(૧૩) આ કામે આરોપી વિરુદ્ધ બી.એન.એસ. એકટ–૨૦૨૩ ની કલમ– ૭૯ મુજબના શિક્ષાને પાત્ર ગુનાનુ તહોમત છે ત્યારે બી.એન. એસ.ની કલમ– ૭૯ ની રચના ધ્યાને લેતા તે નીચે મુજબ છે.

ભારતીય ન્યાય સંહિતા (**BNS**) ની કલમ **79**

ભારતીય ન્યાય સંહિતા (BNS) ની કલમ 79 (જે અગાઉની IPC કલમ 509 જેવી છે) સ્ત્રીની લાજ કે મર્યાદાનું અપમાન કરવાના ઈરાદાથી કરવામાં આવેલા શબ્દો, હાવભાવ અથવા કૃત્યને ગુનો ગણે છે. આ હેઠળ, જે કોઈ સ્ત્રીની લાજને અપમાનિત કરવાના ઈરાદાથી અશ્લીલ ટિપ્પણી કરે, સીટી વગાડે અથવા અશ્લીલ વસ્તુ બતાવે તો તેને 3 વર્ષ સુધીની કેદ અને દંડ થઈ શકે છે.

**કલમ 79 ના મુખ્ય પાસાઓ (Gujarati):**

- **ગુનો:** સ્ત્રીની મર્યાદા/લાજનું અપમાન કરવું.

- **કૃત્યો:** અશ્લીલ શબ્દો બોલવા, અવાજ કરવો (સીટી વગાડવી), અશ્લીલ હાવભાવ કરવા, અથવા કોઈ વસ્તુ/દ્રશ્ય પ્રદર્શિત કરવું.
- **શિક્ષા (Penalty):**

**(૧૪)** આ કામે આરોપી વિરુદ્ધ પોક્સો એક્ટની કલમ –૧૨ મુજબના શિક્ષાને પાત્ર ગુનાનુ તહોમત છે ત્યારે પોક્સો એક્ટની કલમ–૧૧ ની રચના ધ્યાને લેતા તે નીચે મુજબ છે.

## Section 11. Sexual harassment.

A person is said to commit sexual harassment upon a child when such person with sexual intent,--

(i) utters any word or makes any sound, or makes any gesture or exhibits any object or part of body with the intention that such word or sound shall be heard, or such gesture or object or part of body shall be seen by the child; or

(ii) makes a child exhibit his body or any part of his body so as it is seen by such person or any other person; or

(iii) shows any object to a child in any form or media for pornographic purposes; or

(iv) repeatedly or constantly follows or watches or contacts a child either directly or through electronic, digital or any other means; or

(v) threatens to use, in any form of media, a real or fabricated depiction through electronic, film or digital or any other mode, of any part of the body of the child or the involvement of the child in a sexual act; or

(vi) entices a child for pornographic purposes or gives gratification therefor.

*Explanation*.--Any question which involves '[sexual intent" shall be a question of fact.

ઉપરોક્ત પોક્સો એક્ટની કલમ ૧૧ ની જોગવાઈ મુજબનો ગુનો પોક્સો એક્ટની કલમ ૧૨ મુજબ શિક્ષાને પાત્ર બને છે તેથી પોક્સો એક્ટની કલમ ૧૨ વંચાણે લેતા તે નીચે મુજબ છે.

**Section 12. Punishment for sexual harassment.**

Whoever, commits sexual harassment upon a child shall be punished with imprisonment of either description for a term which may extend to three years and shall also be liable to fine.

**(૧૫)** આ કામે આરોપી વિરુધ્ધ બી.એન.એસ. એકટ–૨૦૨૩ ની કલમ–૭૮(૧), ૭૮(૨), ૭૯ તથા ધી પ્રોટેકશન ઓફ ધી ચિલ્ડ્રન ફ્રોમ સેકસ્યુઅલ ઓફેન્સિસ એકટ–૨૦૧૨ ની કલમ–૧૧(૪), ૧૨ મુજબનો શિક્ષાને પાત્ર ગુનાનુ તહોમત છે ત્યારે આરોપી વિરુધ્ધ ગુનાનુ તહોમત પુરવાર છે કે કેમ તેની ચર્ચા નીચે મુજબ છે.

ઉપરોકત જોગવાઈના આરોપ વિશે ચર્ચા કરવામાં આવે તો ભોગ બનનાર ને ફરીયાદપક્ષે સાહેદ નં-૩ આંક-૧૩ ની જુબાનીમાં ઉલટ તપાસમાં સ્વીકાર કરેલ છે કે" **એ વાત ખરી છેકે, મને કોઈએ મારો હાથ પકડયો હોય અને ગભરાઈને ભાગી ગઈ હોય તેમ બન્યુ નથી. એ વાત ખરી છેકે, મને કલાસરૂમનુ બારણું વાગી જતા પડી ગયેલી અને ડાબા પગની આંગળીમાં વાગેલુ. એ વાત ખરી છેકે, મે મારા મમ્મી–પપ્પાને બોલાવવાનુ કહેલુ નહીં. એ વાત ખરી છેકે, શાળામાંથી સાહેબોએ કે બીજા કોઈએ ફોન કરીને મમ્મી– પપ્પાને બોલાવેલા. એ વાત ખરી છેકે,મેં ડોકટર સાહેબને સ્કુલમાં દરવાજો વાગતા પગમાં વાગેલાનુ જણાવેલુ તે સીવાય બીજુ ડોકટર સાહેબને જણાવેલુ નહીં. એ વાત ખરી છેકે, જજ સાહેબને પણ મેં આ જ હકીકત જણાવેલી. એ વાત ખરી છેકે, મેં કે મારા મમ્મી–પપ્પાએ સ્કુલના સી.સી.ટી.વી. કેમેરા જોયા નથી. એ વાત ખરી છેકે, આરોપી અમારી સ્કુલમાં બાંધકામ કરવા આવતો હોય ઓળખુ છુ. એ વાત ખરી છેકે,પોલીસે બનાવ વિશે મારા જોડે કોઈ વાતચીત કરેલી નહીં. "** આમ, ફરીયાદપક્ષે મહત્વના સાહેદ ભોગબનનાર ની સોગંદ ઉપર સરતપાસ ધ્યાને લેતાં ફરીયાદપક્ષના કેસને સમર્થન કરતા નથી. ફરીયાદપક્ષે કરવામા આવેલ ઉલટ તપાસમા પણ

તેણીએ આરોપી વિરુધ્ધના મહત્વના પુરાવાનો ઈન્કાર કરેલ છે. વધુમાં બચાવ પક્ષે આરોપી તરફે ભોગ બનનારની ઉલટ તપાસ કરેલ છે જેમાં ભોગબનનારે ફરિયાદપક્ષના આક્ષેપીત કેસથી વિરુધ્ધ પુરાવો આપેલ છે. આમ, ભોગબનનારની સમગ્ર જુબાની ધ્યાને લેતાં ભોગબનનારે પોતે જ પોતાની સાથે આરોપીએ કોઈ પણ પ્રકારનુ જાતીય દુષ્કર્મ આચરેલ હોય તેવો પુરાવો રજુ કરેલ નથી જેના પરીણામે ફરીયાદપક્ષ ભોગબનનાર જેવા મહત્વના સાહેદની જુબાનીથી આરોપી વિરુદ્ધના આક્ષેપિત ગુનાનુ તહોમત કરવામાં નિષ્ફળ નિવડેલ હોવાનું સ્પષ્ટ બને છે. વધુમાં ભોગ બનનારની માતા/ફરીયાદી તથા પિતાની આરોપી તરફે ઉલટ તપાસ ધ્યાને લેતાં, ફરિયાદપક્ષના કેસની વિરુધ્ધ હકિકતોનો સ્વીકાર કરેલ છે જે ધ્યાને લેતાં ઉપર ચર્ચા કર્યા મુજબ ફરિયાદીનો પુરાવો પણ આરોપી વિરુધ્ધ ભરોસાપાત્ર જાહેર થયેલ નથી. આમ, મહત્વના સાહેદો ભોગ બનનાર તથા ભોગ બનનારની માતા/ફરીયાદી તથા પિતાનો પુરાવો ધ્યાને લેતાં, ફરીયાદપક્ષનો કેસ શંકાસ્પદ બનેલો હોય. બી.એન.એસ. એકટ-૨૦૨૩ ની કલમ-૭૮(૧), ૭૮(૨), ૭૯ તથા ધી પ્રોટેકશન ઓફ ધી ચિલ્ડ્રન ફ્રોમ સેકસ્યુઅલ ઓફેન્સિસ એકટ-૨૦૧૨ ની કલમ-૧૧(૪), ૧૨ વિરુદ્ધના આક્ષેપીત ગુનો આરોપી વિરુદ્ધ પુરવાર કરવામાં ફરીયાદપક્ષ નિષ્ફળ ગયેલ હોવાનું સ્પષ્ટ બને છે.

**(૧૬)** આ કામે અન્ય સાહેદ જેવા કે ભોગબનનારની શાળાના શિક્ષક સાહેદનો પુરાવો જોતાં ફ.પ.**સાહેદ નં-૪** થી ઉમેશભાઇ વણકરભાઇ વસાવા આંક-૧૫, **સાહેદ નં.૫** ગીજેન્દ્રભાઇ ગુમાનભાઇ ગામીત આંક-૧૭, **સાહેદ નં.૬** માનસિંહ રતિલાલ ગામીત આંક-૧૯ થી સોંગદ પર તપાસવામાં આવેલ છે. સદર ત્રણેય શિક્ષક સાહેદના પુરાવો એકી સાથે ધ્યાને લેવામાં આવે તો, ઉલટતપાસમાં સી.સી.ટી.વી.માં આરોપીનો ચહેરો જોવાતો ન હતો. આરોપીનુ નામ બીજા મજુરોએ કહેલુ. આ બનાવ સમયે સ્કુલમાં બે શિક્ષકો હતા જયોર ચાર શિક્ષકો સ્કુલ બહાર હતા. અમારી સ્કુલ બે માળની છે જેમાં ઉપર નીચે થઇ કુલ-૬ કલાસ છે. સ્કુલની દિવાલનુ કામ ચાલતુ હતુ જેથી તેની લાઇટો ચાલુ હતી. બનાવના દિવસે શાળામાં બીજા મજુરો પણ

હતા. બનાવ સમયે હું પ્રિન્સીપાલ ઓફીસમાં જમવા બેસેલ એટલે મજુરો શું કામ કરે છે તે મને ખબર નથી. એ વાત ખરી છે કે, ફોક્ષ વાયર લેવા આ મજુરોમાંથી કોણ ગયેલુ તે હું કહી શકુ નહીં તેવુ કબુલ રાખેલ છે.

તે જ રીતે સાહેદ નં.૪ ઉમેશભાઈ વસાવાનુ આંક–૧૬, સાહેદ નં.૫ ગીજેન્દ્રભાઈ ગુમાનભાઈ ગામીતનુ આંક–૧૮ થી બી.એન.એસ.એસ.ની કલમ–૧૮૩ મુજબના નિવેદન રજુ થયેલ છે. જે ધ્યાને લેતાં બંને સાહેદોએ પોતાની સરતપાસમા જણાવેલ હકીકત મુજબની હુબહુ હકીકત જણાવેલ છે. પરંતુ બચાવપક્ષ તરફે કરેલ ઉલટતપાસ સદર હકીકતો વિરૂધ્ધની હકીકત જણાવેલ છે. આમ, બચાવપક્ષે કરેલ ઉલટતપાસમાં આરોપીની ઠોસ સંડોવણી કરતો પુરાવો આપેલ નથી. જેથી મુખ્ય સાહેદોના પુરાવાની ગેરહાજરીમાં હાલના શિક્ષક સાહેદોના પુરાવાને ધ્યાને રાખી માત્ર આરોપીને દોષિત ઠરાવી શકાય નહી.

(૧૭) આ કામે અન્ય સાહેદ નો પુરાવો જોતાં ફ.પ.**સાહેદ નં–૭** થી કોન્ટ્રાકટર ગીરધરભાઈ મોહનભાઈ હીરાપરા આંક–૨૦, **સાહેદ નં.૮** સોહમભાઈ રમેશભાઈ વળવી આંક–૨૧, **સાહેદ નં.૯ સુદામભાઈ રમેશભાઈ વળવી** આંક–૨૨ થી સોંગદ પર તપાસવામાં આવેલ છે. સદર ત્રણેય સાહેદોના પુરાવો ધ્યાને લેવામાં આવે તો, ઉલટતપાસમાં બનાવ સમયે હાજર ન હતા, બનાવ મેં નજરે જોયેલ નથી. સી.સી.ટી.વી. ફુટેજ જોયેલ નથી. બનાવની જાણ મને સ્કુલમાંથી ફોન આવતા થયેલી. છોકરી સાથે મારે કોઈ વાતચીત થયેલ નથી તેવુ કબુલ રાખેલ છે. આમ, ઉપરોકત ત્રણેય સાહેદ બનાવ નજરે જોયેલ ન હોવાનુ કબુલ રાખેલ છે. આ સાહેદોની બચાવપક્ષે કરેલ ઉલટતપાસમાં આરોપીની ઠોસ સંડોવણી કરતો પુરાવો આપેલ નથી. જેથી મુખ્ય સાહેદોના પુરાવાની ગેરહાજરીમાં હાલના સાહેદોના પુરાવાને ધ્યાને રાખી માત્ર આરોપીને દોષિત ઠરાવી શકાય નહી.

(૧૮) આ કામે પોલીસ સાહેદોનો પુરાવો જોતાં ફ.પ.સાહેદ નં–૧૦ થી નિરીક્ષાબેન સુરતાભાઈ વસાવાને આંક–૪૩(રૂબરૂ ફરીયાદ આપેલ) તેમજ

તપાસ કરનાર અધિકારી વિરસીંગ ઉદેસીંગ પાડવી આંક–૪૪ થી તપાસવામાં આવેલ છે. સદર પોલીસ સાહેદોનો પુરાવો ધ્યાને લેતાં, તેઓએ ફરજ દરમ્યાન આ કામે ફરીયાદી પોતાની રૂબરૂ ફરીયાદ આપેલ અને ફરીયાદમાં માત્ર સહી કરેલ તે સિવાય અન્ય કોઈ કામગીરી કરેલ હોય તેવુ બનેલ નથી. તપાસ કરનાર અધિકારી તરફથી આ કામે તપાસ સંભાળીને લાગતા વળગતા સાહેદના નિવેદન લીધેલાનુ સમર્થન કરે છે. ફરીયાદી, ભોગબનનારના પિતા ભોગ બનનાર તથા શિક્ષક સાહેદોના ૧૮૩ મુજબના નીવેદન લેવા માટે તજવીજ કરેલી અને પુરતા પુરાવા મળી આવતા આરોપી સામે ચાર્જશીટ કરેલાનુ જાહેર કરેલ છે. તેઓ તરફે કરેલ કાર્યવાહીના સમર્થનરૂપ દસ્તાવેજી પુરાવાઓને સમર્થન કરેલ છે. મુદ્દામાલ ઓળખી બતાવેલ છે. આરોપી તર્ફે ની ઉલટતપાસમાં તપાસ અમલદારની તપાસની મહત્વની ખામી નીકળી આવેલ નથી. જે ધ્યાને લેતાં, તેઓએ તપાસ કરનાર અધિકારી તરીકે ફરજના ભાગરૂપે કરેલ કામીગીરીને સમર્થન કરેલ છે. પરંતુ આ કામે બનાવમાં મહત્વના સાહેદ ભોગબનનાર દ્વારા ફરીયાદપક્ષના કેસને સમર્થન આપવામાં આવેલ ન હોય તપાસનીશ અધિકારીની ઉપરોક્ત જુબાની સ્વતંત્ર રીતે આરોપી વિરુદ્ધના આક્ષેપિત ગુનાનો તહોમત પુરવાર કરવા પર્યાપ્ત હોવાનું સ્વીકારી શકાય તેમ નથી.

(૧૯) આ કામે ગુનાવાળી જગ્યાનું પંચનામું આંક–૨૯ થી રજુ થયેલ છે. પરંતુ માત્ર પંચનામાની વિગતો રજુ થયેથી પંચનામુ એ સહાયક પુરાવો હોય મુખ્ય સાહેદ ભોગબનનાર, ભોગબનનારના પિતા તથા તેણીની માતા/ફરિયાદીના પુરાવાની ગેરહાજરીમાં પંચનામાના પુરાવાથી જ આરોપી સામેનો આક્ષેપીત ગુનો પુરવાર થઈ શકે નહી. જેથી સદર પંચનામાનો પુરાવો ફરિયાદ પક્ષે આરોપી વિરુધ્ધ નિર્ણાયક બની રહેલ નથી. અત્રેની એ નોંધવુ જરૂરી છે કે, ફરીયાદપક્ષ તરફે રજુ કરેલ અન્ય દસ્તાવેજી પુરાવા ને આરોપીપક્ષની કબુલાતથી આંક આપેલ છે. પરંતુ આંક આપવાથી આપોઆપ આરોપીની ગુનામાં સંડોવણી માની શકાય નહી. તે માટે વિશેષ

પુરાવો રેકર્ડ પર લાવવો જરૂરી બની રહે છે. જેથી આ પુરાવાથી આરોપીને હાલના ગુનામાં સંડોવણી હોવાનુ સાબીત થતુ નથી.

**(૨૦)** આમ, રજુ થયેલ ઉપરોકત સમગ્ર પુરાવો ફરીયાદપક્ષ તથા બચાવપક્ષની રજુઆત સંયુકત રીતે ધ્યાને લેતાં, આ કામે મહત્વના સાહેદો ભોગબનનાર, ભોગબનનારના પિતા તથા તેણીની માતા/ફરિયાદી જેવા મહત્વના સાહેદોનો પુરાવો ધ્યાને લેતાં, મહત્વના સાહેદ ભોગબનનાર, ભોગબનનારના પિતા તથા તેણીની માતા/ફરિયાદી ને ફરીયાદ પક્ષે ફરી ગયેલ જાહેર કરેલ બાદ કરવામા આવેલ ઉલટ તપાસમા ફરીયાદ પક્ષના કેસને સમર્થન કરેલ નથી. બચાવ પક્ષે કરેલ ઉલટ તપાસમાં ફરિયાદપક્ષના કેસથી વિરુધ્ધ હકિકત જાહેર કરેલ છે. વધુમાં ફરીયાદી તથા ભોગ બનનાર બી.એન.એસ.એસ.ની કલમ–૧૮૩ મુજબના નિવેદન આરોપી વિરૂદ્ધના કેસને સમર્થન કરેલ નથી. ભોગ બનનારે આરોપી તરફે ઉલટ તપાસમાં ફરીયાદપક્ષના કેસથી વિરુધ્ધ હકિકત જણાવેલ છે અને ભોગબનનારનો પુરાવો પણ ખાસ કરીને ઉલટ તપાસનો સ્વીકાર ધ્યાને લેતાં, ફરીયાદપક્ષે આરોપી વિરુદ્ધ કોઈ નિર્ણાયક માની શકાય તેવો નથી. આમ, ભોગબનનારની જુબાની તથા બી.એન.એસ.એસ.ની કલમ ૧૮૩ મુજબનુ નિવેદન, ભોગબનનારના પિતા તથા તેણીની માતા/ફરિયાદીનો પુરાવો તથા બી.એન.એસ.એસ.ની કલમ ૧૮૩ ધ્યાને લેતાં ફરીયાદપક્ષનો કેસ શંકાસ્પદ બનેલો છે. ઉપરોક્ત તમામ સંજોગોમાં આરોપી સામેનો કેસ ફરીયાદપક્ષે નિઃશંક રીતે સાબીત કરવામાં ફરીયાદપક્ષ નિષ્ફળ રહેલ છે જેથી **મુદ્દા નં–૨ નો નિર્ણય નકારમાં** ઠરાવવામાં આવે છે અને ન્યાયના હીતમાં નીચે મુજબનો આખરી હુકમ ફરમાવવામાં આવે છે.

**– : : <u>આખરી હુકમ : : –</u>**

(૧) ભારતીય નાગરીક સુરક્ષા સંહીતા–૨૦૨૩ની કલમ–૨૫૮(૧)મુજબ **નિતેશભાઈ અનિલભાઈ વળવી,** રહે. કરોડ ગામ, નવાગામ ફળીયુ,

તા.ઉચ્છલ, જી.તાપી.નાઓને બી.એન.એસ. એક્ટ-૨૦૨૩ ની કલમ-૭૮(૧), ૭૮(૨), ૭૯ તથા ધી પ્રોટેકશન ઓફ ધી ચિલ્ડ્રન ફ્રોમ સેક્સ્યુઅલ ઓફેન્સિસ એક્ટ-૨૦૧૨ ની કલમ-૧૧(૪), ૧૨ મુજબ ના શિક્ષાને પાત્ર ગુનામાંથી આરોપીને નિર્દોષ ઠરાવી છોડી મુકવાનો હુકમ કરવામાં આવે છે.

(૨) આ કામે મુદ્દામાલ પાવતી મુજબનો પેન ડ્રાઇવ અપીલ સમય પુરો થયા બાદ, અપીલ થયેલ ન હોય તો ચકાસણી કરીને નિયમ મુજબ નાશ કરવાનો હુકમ કરવામાં આવે છે.

(૩) આરોપી જામીન મુકત હોય તેઓના જામીનખત રદ કરવા.

(૪) હાલના કામે જો અપીલ થાય તો એપેલેન્ટ ઓથોરીટી સમક્ષ હાજર રહેવા માટે આરોપીએ ૦૬ માસ સુધીના રૂા.૧૦,૦૦૦/-(અંકે રૂપિયા દસ હજાર પુરા) ના સધ્ધર જામીન અને તેટલી જ રકમના જાતમુચરકા બી.એન.એસ.એસ.-૨૦૨૩ની કલમ-૪૮૧ મુજબના રજુ કરવા.

આજ તારીખ-૦૩, માહે-એપ્રિલ , સને ૨૦૨૬ ના રોજ સદર હુકમ ખુલ્લી અદાલતમાં વાંચી, સંભળાવી જાહેર કરેલ છે.

તા. ૦૩/૦૪/૨૦૨૬
તાપી મું.વ્યારા.

// P.S.PATEL //

(એ.બી.ભોજક)
સ્પેશીયલ જજ **(પોક્સો)** અને
અધિક સેશન્સ જજ, તાપી,મું.વ્યારા.
(કોડ : જીજે ૦૦૪૭૬)